# પીઓએસ-અવિવા ધન સુરક્ષા

AVIVA | Life Insurance

INDIA PARTNER Dabur GROUP

**પીઓએસ – અવિવા ધન સુરક્ષા – એક વ્યક્તિગત, નૉન–લિંક્ડ, નૉન–પાર્ટિસિપેટિંગ સેવિંગ્સ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન**
**કી ફીચર્સ ડૉક્યુમેંટ (KFD)** **PDS0000000**

**પ્લાનનો પ્રકાર**
આ વ્યક્તિગત, નૉન લિંક્ડ, નૉન પાર્ટિસિપેટિંગ સેવિંગ્સ લાઇફ ઇન્શ્યૉરન્સ પ્લાન છે. આ પ્રોડક્ટ નૉન-મૅડિકલ ધોરણે ઉપલબ્ધ છે.

**પૉલિસી મુદત**
11 વર્ષ

**પ્રીમિયમ ચૂકવણી મુદત**
10 વર્ષ વાર્ષિક વારંવારતા સાથે

**પ્રવેશ અને મેચ્યોરિટી ઉંમર (છેલ્લા જન્મદિવસે)**

| | પ્રવેશ સમયે ઉંમર | મેચ્યોરિટી ઉંમર |
|---|---|---|
| ન્યૂનતમ | 18 વર્ષ | 29 વર્ષ |
| મહત્તમ | 50 વર્ષ | 61 વર્ષ |

**વાર્ષિકીકૃત પ્રીમિયમ અને સમ એશ્યૉર્ડ મર્યાદા**

| પ્રવેશ સમયે ઉંમર | ઓછામાં ઓછુ વાર્ષિકીકૃત પ્રીમિયમ* | વધુમાં વધુ વાર્ષિકીકૃત પ્રીમિયમ* | ઓછામાં ઓછી વીમા રકમ (સમ એશ્યૉર્ડ) | વધુમાં વધ વીમા રકમ (સમ એશ્યૉર્ડ) |
|---|---|---|---|---|
| 18-30 | ₹10,000 | ₹67,500 | ₹145,000 | ₹978,750 (પ્રતિ જીવન) |
| 31-45 | | ₹68,000 | | ₹986,000 (પ્રતિ જીવન) |
| 46-50 | | ₹68,500 | | ₹993,250 (પ્રતિ જીવન) |

*''વાર્ષિકીકૃત પ્રીમિયમ'' એટલે પૉલિસીધારક દ્વારા પસંદ કરેલ એક વર્ષમાં ચૂકવવાપાત્ર પ્રીમિયમની રકમ, જેમાં કરવેરા, રાઇડર પ્રીમિયમો, અંડરરાઈટિંગ એક્સ્ટ્રા પ્રીમિયમો અને મૉડેલ પ્રીમિયમો માટે લોડિંગ, જો કોઈ હોય તો તે સામેલ નથી.

*કરવેરા, જો કોઈ હોય તો તે અલગથી ચાર્જ કરવામાં આવશે.

વધુમાં વધુ સમ એશ્યૉર્ડ બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિ મુજબ રહેશે.

સમ એશ્યૉર્ડ એ 14.5 ગણું વાર્ષિકીકૃત પ્રીમિયમ છે જે 5 વર્ષની ચૂકવણી મુદત દરમિયાન ચૂકવવાપાત્ર રહે છે.

**મેચ્યોરિટી બેનિફિટ્સ (પરિપક્વતા લાભો)**

જો વીમિત વ્યક્તિ પૉલિસી મુદત સુધી જીવીત રહે અને જો બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દીધાં હોય તો, મેચ્યોરિટી સમ એશ્યૉર્ડ નીચે જણાવ્યા મુજબ ચૂકવવામાં આવશે:

- ''એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 1.5 ગણા'' ના 5 રેગ્યૂલર વાર્ષિક પેઆઉટ્સ 5 વર્ષની પેઆઉટ મુદત કે જે મેચ્યોરિટી તારીખથી શરૂ થાય છે તે દરમિયાન દરેક વર્ષના અંતે ચૂકવવામાં આવશે.
- ''એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 7 ગણાં'' ની લમ્પસમ રકમ 5મા હપ્તા સાથે ચૂકવવામાં આવશે. આ ઉપરાંત, ઉંમર સંબંધિત ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ (નીચેના કોષ્ટક મુજબ) પણ છેલ્લા પેઆઉટ સાથે ચૂકવવાપાત્ર રહેશે.

**ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ**

| જોવીમિત વ્યક્તિની પ્રવેશ સમયની ઉંમર હોય | ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ |
|---|---|
| 18 વર્ષ - 25 વર્ષ | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 30% |
| 26 વર્ષ - 30 વર્ષ | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 25% |
| 31 વર્ષ - 35 વર્ષ | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 20% |
| 36 વર્ષ - 40 વર્ષ | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 15% |
| 41 વર્ષ - 45 વર્ષ | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 10% |
| 46 વર્ષ - 50 વર્ષ | એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 6% |

**પ્રતિક્ષા ગાળો**
રિસ્ક કવર સ્વીકાર્યાની તારીખથી 90 દિવસોનો વેઈટિંગ પીરિયડ લાગુ રહે છે. જોકે, પૉલિસી રિવાઈવ કરવાના કિસ્સામાં 90 દિવસોનો આ વેઈટિંગ પીરિયડ લાગુ નથી થતો.

**કર લાભો**
પૉલિસીધારક આવકવેરા ધારો, 1961 ની કલમ 80C અને 10(10(D)) મુજબ કર લાભો માટે પાત્ર ઠરી શકે છે. કર લાભો પ્રવર્તમાન કર કાયદાઓ અનુસાર હોય છે અને વખતો વખત ફેરફારને આધીન રહે છે.

**ફ્રી લૂક પીરિયડ**
પૉલિસીધારક પૉલિસી ડૉક્યુમેંટ મેળવ્યાની તારીખથી 15 દિવસના ફ્રી લૂક પીરિયડ (જો પૉલિસી ડિસ્ટન્સ માર્કેટિંગ મારફત મેળવી હોય તો 30 દિવસ) દરમિયાન પૉલિસીના નિયમો અને શરતોની સમીક્ષા કરવાનો અધિકાર ધરાવે છે. જો પૉલિસીધારક ફ્રીલૂક પીરિયડ દરમિયાન કારણ જણાવીને પૉલિસી પાછી સોંપે તો, કંપની પૉલિસી રદ કર્યાની તારીખના રોજ પ્રીમિયમનું રીફંડ આપશે, જે કવર મેળવેલ મુદત માટેના સરેરાશ રિસ્ક પ્રીમિયમ, મૅડિકલ્સ પર થયેલ કોઈ ખર્ચ, જો કોઈ હોય તો અને સ્ટેમ્પ ડ્યૂટી બાદ કર્યા પછીની રકમ રહેશે.

**અપવર્જનો**
પૉલિસી હેઠળ રિસ્ક શરૂ થયાની તારીખથી અથવા પૉલિસી રિવાઇવ કર્યાની તારીખ, જે પણ લાગુ થાય ત્યારથી 12 મહિનાની અંદર આપઘાત કરવાને લીધે વીમિત વ્યક્તિનું મૃત્યુ થવા પર પૉલિસીધારકના નોમિની અથવા લાભાર્થી મૃત્યુની તારીખ સુધીમાં ચૂકવેલા કુલ પ્રીમિયમોના ઓછામાં ઓછા 80% અથવા તો મૃત્યુની તારીખના રોજ ઉપલબ્ધ સરન્ડર વેલ્યૂ માંથી જે પણ વધુ હોય તે મેળવવા હકદાર રહેશે, આ માટે પૉલિસી ઈન-ફોર્સ હોવી જરૂરી છે.

**ડેથ બેનિફિટ**

| ઘટના | મૃત્યુ લાભ તરીકે ચૂકવવાપાત્ર રકમ |
|---|---|
| **વીમિત વ્યક્તિનું વેઈટિંગ પીરિયડ દરમિયાન નૉન–એક્સિડેન્ટલ મૃત્યુ** | ચૂકવેલા કુલ પ્રીમિયમોનો 100%<br>ચૂકવેલા કુલ પ્રીમિયમો એટલે કોઈ એક્સ્ટ્રા પ્રીમિયમ, રાઈડર પ્રીમિયમ અને કરવેરાને બાદ કરતા પ્રાપ્ત કરેલા બધાં જ પ્રીમિયમો. |
| **વેઈટિંગ પીરિયડ દરમિયાન વીમિત વ્યક્તિનું અકસ્માતને લીધે મૃત્યુ થાય**<br><br>**અથવા**<br><br>**વેઈટિંગ પીરિયડ પૂરો થયા પછી વીમિત વ્યક્તિનું કોઈ કારણસર મૃત્યુ થાય** | જો વીમિત વ્યક્તિનું પૉલિસી મુદત દરમિયાન મૃત્યુ થાય અને મૃત્યુની તારીખ સુધીનાં બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દેવામાં આવ્યાં હોય તો **ડેથ સમ એશ્યૉર્ડ** નીચે જણાવેલ રીત મુજબ ચૂકવી દેવામાં આવશે:<br>i. ''એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 1.5 ગણા'' ના રેગ્યૂલર વાર્ષિક હપ્તાઓ. પહેલો હપ્તો મૃત્યુ સમયે ચૂકવવામાં આવશે અને બાકીના 4 વાર્ષિક હપ્તાઓ ત્યારપછીની દરેક વાર્ષિક મૃત્યુ તિથિ પર ચૂકવવામાં આવશે.<br>ii. ''એક વાર્ષિકીકૃત પ્રીમિયમના 7 ગણા'' ની લમ્પસમ રકમ 5મા વાર્ષિક હપ્તા સાથે ચૂકવવામાં આવશે.<br>ડેથ સમ એશ્યૉર્ડ ઉપરાંત, ઉંમર સંબંધિત **ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ પણ ઉપર જણાવ્યા મુજબ છેલ્લા પેઆઉટ સાથે ચૂકવવાપાત્ર રહેશે.<br>**ડેથ સમ એશ્યૉર્ડ** આમાંથી જે પણ વધુ હોય તે રહેશે:<br>a) વાર્ષિકીકૃત પ્રીમિયમના 10 ગણાં, અથવા<br>b) મૃત્યુની તારીખના રોજ ચૂકવેલા કુલ પ્રીમિયમોના 105%, અથવા<br>c) મેચ્યોરિટી સમ એશ્યૉર્ડ, અથવા<br>d) સમ એશ્યૉર્ડ, ચોખ્ખી રકમ. |

અકસ્માત એટલે અચાનક, અનપેક્ષિત અને અસ્વૈચ્છિક ઘટના જે બાહ્ય, જોઈ શકાતા અને હિંસક માધ્યમો દ્વારા થઈ હોય.

**ગૅરંટેડ લાભો ઉપલબ્ધ છે જો અગર બધાંજ પાકેલા પ્રીમિયમો ચૂકવી દીધા હોય.

**સરન્ડર વેલ્યૂ**

પૉલિસી સરન્ડર કરી શકાય છે જો અગર ઓછામાં ઓછા બે વર્ષના પ્રીમિયમો ચૂકવી દીધા હોય. સરન્ડર વેલ્યૂ ગૅરંટેડ સરન્ડર વેલ્યૂ (GSV) અને સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ માંથી જે વધુ હોય તે રહેશે.[$]

| સરન્ડર કરાય તે પૉલિસી વર્ષ | ગૅરંટેડ સરન્ડર વેલ્યૂ |
|---|---|
| 2nd | કુલ ચૂકવેલા પ્રીમિયમોના 35.0% |
| 3rd | કુલ ચૂકવેલા પ્રીમિયમોના 35.0% |
| 4th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના 50.0% |
| 5th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના 55.0% |
| 6th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના 57.5% |
| 7th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના 60.0% |
| 8th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના 65.0% |
| 9th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના 70.0% |
| 10th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના 90.0% |
| 11th | કુલ ચૂકવેલા પ્રીમિયમોના 100.0% |

ચૂકવેલા કુલ પ્રીમિયમો એટલે પ્રાપ્ત થયેલા કુલ પ્રીમિયમોનો સરવાળો, જેમાં કોઈ એક્સ્ટ્રા પ્રીમિયમ, કોઈ રાઈડર પ્રીમિયમ અને કરવેરા સામેલ નથી.

**પેઈડ-અપ વેલ્યૂ**

ઓછામાં ઓછાં 2 વર્ષના પ્રીમિયમો ચૂકવ્યા પછી, જો ગ્રેસ પીરિયડ પૂરો થયા પહેલા કોઈ પાકેલું પ્રીમિયમ ન ચૂકવ્યું હોય તો, પૉલિસી પેઈડ-સમ એશ્યૉર્ડ આધારે ઘટાડેલા લાભ સાથે પેઈડ-અપ પૉલિસી બનશે. પેઈડ-અપ સમ એશ્યૉર્ડ = (ચૂકવેલા પ્રીમિયમોની સંખ્યા / ચૂકવવાપાત્ર કુલ પ્રીમિયમોની સંખ્યા) x સમ એશ્યૉર્ડ.

**ત્રફિભય ડ્યશિગ્નમ**

"ગ્રેસ પીરિયડ" એટલે કંપની દ્વારા પ્રીમિયમની ચૂકવણી માટે કોઈ દંડ અથવા લેટ ફી વિના પાકતી તારીખથી ફાળવેલો સમય, જે દરમિયાન પૉલિસીના નિયમો અને શરતો મુજબ પૉલિસી કોઈ અંતરાળ વિના રિસ્ક કવર સહિત ઈન-ફોર્સ માનવામાં આવે છે. પ્રીમિયમની ચૂકવણી માટેનો ગ્રેસ પીરિયડ 30 દિવસનો રહેશે.

**રિવાઈવલ**

પૉલિસીધારક લેપ્સ થયેલી / પેઈડ-અપ પૉલિસી રિવાઈવ કરવા પહેલા ન ચૂકવેલા પાકેલા પ્રીમિયમની તારીખથી પાંચ વર્ષની મુદત ધરાવશે. પૉલિસીધારકે કંપનીના પ્રવર્તમાન બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિ આધારે રિવાઈવ કરવાની રહેતી રકમ અનુસાર કંપનીને સંતોષ થાય એ રીતે વીમિત વ્યક્તિની નિરંતર ઈન્શ્યૉરેબિલિટીનો પુરાવો રજુ કરવાનો રહેશે, અને બધાં જ પાકેલા પ્રીમિયમો રિવાઈવલ ફી વત્તા ન ચૂકવેલા પાકેલા પ્રીમિયમો પર વિલંબિત મુદત માટેના વ્યાજ સહિત ચૂકવવાના રહેશે. રિવાઈવલ ફી ₹250 છે અને લાગુ થતો વ્યાજ દર માસિક ધોરણે ચક્રવૃદ્ધિ સાથે વાર્ષિક 9% વત્તા કરવેરા, જો કોઈ હોય તો તે રહે છે. પૉલિસીના રિવાઈવલના કિસ્સામાં 90 દિવસોનો વેઈટિંગ પીરિયડ લાગુ નથી.

40 વર્ષની ઉંમરની વીમિત વ્યક્તિ જેઓ ₹20000 નું વાર્ષિક પ્રીમિયમ ચૂકવવાનું સ્વીકારે છે તેમની માટેનું નમૂનારૂપ દૃષ્ટાંત.

| સમ એશ્યૉર્ડ | મૉડેલ પ્રીમિયમ | *ગુડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ | | તમારે ચૂકવવાપાત્ર રહેતી કુલ રકમ | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ 1 | વર્ષ 2 અને આગળ | વર્ષ 1 | વર્ષ 2 અને આગળ |
| 290,000 | 20,000 | 900 | 450 | 20,900 | 20,450 |

| ડેથ / મેચ્યોરિટી બેનિફિટ | | | | સરન્ડર વેલ્યૂ | | |
|---|---|---|---|---|---|---|
| | જ્યારે હપ્તો ચૂકવવાપાત્ર હોય | | | | | |
| ઈન્સ્ટોલમેંટ | **ડેથ બેનિફિટ**[+] જો વીમિત વ્યક્તિ પૉલિસી મુદત દરમિયાન મૃત્યુ પામે | **મેચ્યોરિટી બેનિફિટ** જો વીમિત વ્યક્તિ મેચ્યોરિટી સુધી જીવીત રહે | હપ્તાની રકમ | પૉલિસી વર્ષ | ગૅરંટેડ સરન્ડર વેલ્યૂ | નૉન ગૅરંટેડ સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ[$] |
| 1st | ક્લેમ સેટલમેંટના સમયે | 11મા વર્ષના અંતે | 30,000 | 1 | 0 | 0 |
| 2nd | 1લી ડેથ એનિવર્સરી પર | મેચ્યોરિટી પછી 1લી વર્ષગાંઠે | 30,000 | 2 | 14,000 | 15,236 |
| 3rd | 2જી ડેથ એનિવર્સરી પર | મેચ્યોરિટી પછી 2જી વર્ષગાંઠે | 30,000 | 3 | 21,000 | 30,765 |
| 4th | 3જી ડેથ એનિવર્સરી પર | મેચ્યોરિટી પછી 1લી વર્ષગાંઠે | 30,000 | 4 | 40,000 | 52,740 |
| 5th | 4થી ડેથ એનિવર્સરી પર | મેચ્યોરિટી પછી 4થી વર્ષગાંઠે | 170,000 | 5 | 55,000 | 76,913 |
| | | **કુલ સમ એશ્યૉર્ડ** | **290,000** | 6 | 69,000 | 101,085 |
| | | ****ગૅરંટેડ ટર્મિનલ બેનિફિટ** (5મા હપ્તા સાથે ચૂકવવાપા રહે છે) | **3,000** | 7 | 84,000 | 128,188 |
| | | **ગ્રાન્ડ ટોટલ** | **293,000** | 8 | 104,000 | 158,220 |
| | | | | 9 | 126,000 | 191,183 |
| | | | | 10 | 180,000 | 227,075 |
| | | | | 11 | 200,000 | 234,400 |

*કરવેરા જે ગુડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ, સેશ લાગુ થાય તેમ સહિત પરંતુ તેના પૂરતા સીમિત ન રહેતા સરકાર દ્વારા વખતો વખત સૂચિત કરવામાં આવે તેમ લેવામાં આવશે. કર કાયદાઓ ફેરફારને આધીન રહે છે.
[$]સ્પેશ્યલ સરન્ડર વેલ્યૂ કંપની દ્વારા IRDA ઑફ ઈન્ડિયાની પૂર્વ પરવાનગી સાથે વખતો વખત સમીક્ષા કરવામાં આવી શકે છે.
**ગૅરંટેડ બેનિફિટ્સ તો જ ઉપલબ્ધ રહેશે જો અગર બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દીધાં હોય.
[+]ડેથ બેનિફિટ નીચે જણાવેલી શરતો અનુસાર રહેશેઃ

a. અકસ્માત સિવાય થયેલું મૃત્યુઃ
   I. જો મૃત્યુ વેઈટિંગ પીરિયડ દરમિયાન થાય તોઃ ચૂકવેલા કુલ પ્રીમિયમોના 100%.
   II. વેઈટિંગ પીરિયડ પૂરો થયા પછીઃ ડેથ સમ એશ્યૉર્ડ ઉપર દૃષ્ટાંતમાં જણાવ્યા મુજબ 5 હપ્તાઓમાં ચૂકવવાપાત્ર રહેશે.
b. આકસ્મિક મૃત્યુ લાભઃ ઉપર દ્રષ્ટાંતમાં જણાવ્યા મુજબ 5 હપ્તામાં ડેથ સમ એશ્યોર્ડ જેટલો ચૂકવવાપાત્ર રહે છે.

ચૂકવેલા કુલ પ્રીમિયમો એટલે કોઈ એક્સ્ટ્રા પ્રીમિયમ, કોઈ રાઈડર પ્રીમિયમ અને કરવેરા સિવાય પ્રાપ્ત કરેલા પ્રીમિયમોનો સરવાળો.

**અસ્વીકારઃ કૃપા કરી પ્રોડક્ટના લાભો અને અન્ય વિગતો સમજવા માટે તમારું પૉલિસી ડૉક્યુમેંટ વાંચી લો.**

**ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 41 અને 45**

ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 41
ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938ની કલમ 41 ની જોગવાઈઓ વખતો વખત સુધારો કરાયા મુજબ લાગુ રહેશે.
વર્તમાન જોગવાઈઓ અનુસારઃ

(1) કોઈપણ વ્યક્તિએ ભારતમાં જીવન અથવા મિલકત સંબંધિત કોઈપણ પ્રકારના રિસ્ક સંદર્ભે કોઈ વીમો લેવા અથવા રીન્યૂ કરવા અથવા ચાલુ રાખવા પ્રલોભન તરીકે ચૂકવવાપાત્ર કમિશન પૂરેપૂરું અથવા આંશિક દરે અથવા પૉલિસી પર દર્શાવેલ પ્રીમિયમનું કોઈ વળતર કોઈપણ વ્યક્તિને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આપવું ન જોઈએ અથવા આપવા ન દેવું જોઈએ, ન તો પૉલિસી લેનાર અથવા રીન્યૂ કરનાર અથવા ચાલુ રાખનાર કોઈ વ્યક્તિએ આવું કોઈ વળતર સ્વીકારવું જોઈએ, સિવાય કે તે વીમા કંપની (ઈન્શ્યૉરર) ના પ્રકાશિત પ્રોસ્પેક્ટસ અનુસાર માન્ય હોય.
(2) આ કલમની જોગવાઈઓનું પાલન કરવામાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર ઠરશે જે દસ લાખ રૂપિયા સુધીનો પણ હોઈ શકે છે.

ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 45
ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938ની કલમ 45ની જોગવાઈઓ વખતો વખત સુધારો કરાયા મુજબ કૉન્ટ્રાક્ટને લાગુ રહેશે.
વર્તમાન જોગવાઈઓ અનુસાર ત્રણ વર્ષ પછી મિસસ્ટેટમેંટના મુદ્દે પૉલિસી પર પ્રશ્નાર્થ ન કરી શકાય.

**અવિવા વિશે**

અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને અવિવા ઈન્ટરનેશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ - યુકે સ્થિત ઈન્શ્યૉરન્સ ગ્રુપ કે જેનો ભારત સાથેનો સંબંધ 1834થી છે તેની વચ્ચે થયેલું સંયુક્ત સાહત છે. અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ પસંદ કરીને તમે વિશ્વના સૌથી જૂના ઈન્શ્યૉરન્સ ગ્રુપ માંથી એકના મેનેજમેન્ટ અનુભવનો લાભ મેળવો છો, જેનો ઈતિહા 1696ની સાલથી અસ્તિત્વ ધરાવે છે, આજે, અવિવા 16 માર્કેટ્સમાં 33 મિલિયન ગ્રાહકો ધરાવે છે (2016).


*ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને અવિવા ઈન્ટરનેશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ વચ્ચેનું સંયુક્ત સાહસ.*

**અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ . (IRDA ઓફ ઈન્ડિયા રજિસ્ટ્રેશન નં.:122)**

**હેડ ઑફિસઃ** અવિવા ટાવર, સેક્ટર રોડ, ગોલ્ફ કોર્સની સામે, DLF ફેઝ-V, સેક્ટર 43, ગુડગાવ-122003, **રજિસ્ટર્ડ ઑફિસઃ** 2જો માળ, પ્રકાશદીપ બિલ્ડિંગ, 7, ટોલ્સટૉય માર્ગ, નવી દિલ્હી-110001, ફૅક્સ નં. 0124-2709007, **વેબસાઈટઃ** www.avivaindia.com, વધારાની માહિતી, મૂંઝવણો અથવા ફરિયાદો માટે કૃપા કરી નીચે જણાવેલા નંબરો પર અમારો સંપર્ક કરોઃ 1800 180 2244 (ટોલ ફ્રી BSNL/MTNL ઉપભોક્તાઓ માટે) અથવા 0124-2709046 અથવા SMSકરો "અવિવા" "Aviva" 5676737 પર.



બેનામી ફોન કૉલ્સ અને ખોટી/દગા ભરી ઑફરોથી સાવચેત રહોઃ IRDA ઑફ ઈન્ડિયા જનતાને ખુલાસો કરે છે કેઃ • IRDA ઑફ ઈન્ડિયા અથવા તેના અધિકારીઓ કોઈપણ પ્રકારના ઈન્શ્યૉરન્સ અથવા ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સના વેચાણ જેવી કોઈ પ્રવૃત્તિઓમાં સંકળાયેલ નથી કે ન તો તેઓ પ્રીમિયમોનું રોકાણ કરે છે. • IRDA ઑફ ઈન્ડિયા કોઈ બોનસની ઘોષણા કરતું નથી. આવા ફોન કૉલ્સ મેળવતા નાગરિકોને ફોન કૉલ, નંબરની વિગતો સહિત પોલીસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી કરવામાં આવે છે.



પીઓએસ - અવિવા ધન સુરક્ષા - વ્યક્તિગત, નૉન-લિંક્ડ, નૉન-પાર્ટિસિપેટિંગ સેવિંગ્સ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન. ઉત્પાદનના ફાયદા અને અન્ય વિગતોને સમજવા માટે કૃપા કરીને તમારા પૉલિસી દસ્તાવેજને વાંચો. ઉપર જણાવેલ ટ્રેડ લોગો અવિવા બ્રાન્ડ્સ લિમિટેડની માલિકીનો છે અને અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાય છે. અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ. IRDA ઑફ ઈન્ડિયા નં.122. કર લાભો પ્રવર્તમાન કર કાયદાઓ અનુસાર છે જે ફેરફારને આધીન રહે છે.
હેલ્પલાઈન નંબરઃ 1800-180-22-66/ 1800-103-77-66, UIN: 122N132V02, Advt. No.: Nov 39/19.